# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે, ફેબ્રુ/માર્ચ-૨૦૨૫માં યોજાયેલ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-૧૦ એસ.એસ.સી. અને સંસ્કૃત પ્રથમા તેમજ GSOS ઉમેદવારોના પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર તા.૦૮/૦૫/૨૦૨૫, ગુરુવારના રોજ ઓનલાઇન જાહેર કરવામાં આવેલ. ફેબ્રુ/માર્ચ-૨૦૨૫ ધોરણ-૧૦ એસ.એસ.સી.ની માર્કશીટ/પ્રમાણપત્ર/S.R.તેમજ GSOS ઉમેદવારોના પરિણામ (માર્કશીટ/પ્રમાણપત્ર/S.R./એનરોલસર્ટી) તમામ જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા નિયત કરેલ વિતરણ સ્થળ ખાતે તા.૨૫/૦૫/૨૦૨૫ના રોજ બોર્ડની કચેરીએથી રવાના કરવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ધોરણ-૧૦ એસ.એસ.સી.ની માર્કશીટ/પ્રમાણપત્ર/S.R. તેમજ GSOS ઉમેદવારોના પરિણામ (માર્કશીટ/પ્રમાણપત્ર/S.R./એનરોલસર્ટી) વિતરણ કરવા અંગેનું યોગ્ય આયોજન કરી તા.૨૬/૦૫/૨૦૨૫ના રોજ જિલ્લાની માધ્યમિક શાળાઓને પરિણામ વિતરણ થઈ જાય તે મુજબ તમામ વ્યવસ્થા ગોઠવવી. રાજ્યની માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ પોતાની શાળાનું પરિણામ (માર્કશીટ/પ્રમાણપત્ર/S.R./એનરોલસર્ટી) મુખત્યારપત્ર રજુ કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા નિયત થયેલ સમયે અને સ્થળેથી મેળવી લેવાના રહેશે. શાળાઓએ તા.૨૭/૦૫/૨૦૨૫ સુધીમાં વિદ્યાર્થીઓને પરિણામનું વિતરણ કરવાનું રહેશે. જેની શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવી.

તા:- ૨૩/૦૫/૨૦૨૫
સ્થળ :- ગાંધીનગર.

નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

**નકલ રવાના :**
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ,
આપના જિલ્લાની એસ.એસ.સી.ની માધ્યમિક શાળાઓને જાણ કરવા સારૂં.